Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ કારતક

## કાર્યસિદ્ધિમાં વિચારની અગત્યતા

卐

એક મનુષ્ય પોતાનું કાર્ય પાર પાડે છે, તો બીજો તેમાં નિષ્ફળ નિવડે છે. આ તેના પોતાના વિચારોનું સ્પષ્ટ પરિણામ છે. સુવ્યવસ્થિત સૃષ્ટિમાં જ્યાં સમતોલપણાનો નાશ થવાથી મહાપ્રલય થાય છે, ત્યાં પૃથક્ મનુષ્યને પોતપોતાના જન્મ–મરણનું ઋણ પતાવવાની જુમ્મેદારી સંપૂર્ણ હોવી જોઇએ. દરેક મનુષ્યની નબળાઈ અથવા જોર, આસ્તિકપણું અથવા નાસ્તિકપણું તેનાં પોતાનાં છે. તે બીજાનાં વ્હોરેલાં નહી હોવાથી પોતાનાં વ્હોરેલાં છે, તેથી તે બીજાથી નહીં ફેરવાતાં પોતે જ ફેરવી શકે તેમ છે. તેની ચાલુ સ્થિતિ પણ તેણે પોતે જ ઘડેલી છે. બીજાની ઘડેલી કહેવાય નહીં. તેનાં સુખદુઃખ તેના ભીતરમાંથી નીકળેલાં છે, જેવા વિચાર તે કરે છે, તેવો તે થાય છે. જેવા વિચાર ચાલુ રાખે તેવો તે રહે છે. હરકોઈ મનુષ્ય પોતાના વિચારોને ઉન્નત સ્થિતિએ લઈ જવાથી જ ઊંચે ચડી શકે છે. વિજય મેળવી શકે છે. અને કાર્યસિદ્ધિ કરી શકે છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૨ ] નવેમ્બર : ૧૯૭૪ [ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ......નુ......ક્ર......મ......ણિ......કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રી મહાવીર સ્તુતિ | ડૉ. ભગવાનદાસ મ. મહેતા | ૧ |
| ૨. | અનંત ઉપકારી શ્રી વીરજિનેશ્વર | આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ | ૨ |
| ૩ | નૂતન વર્ષના મંગળ પ્રવેશે | મનસુખલાલ તારાચંદ મહેતા | ૪ |
| ૪. | ભગવાન મહાવીર | મનસુખલાલ તારાચંદ મહેતા | ૯ |
| ૫. | વન્દ્ય સ્તુતિ પાઠ | પં. હેમચન્દ્રવિજયજી ગણિ | ૧૫ |


## આ ભા ર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક શેઠશ્રી ભોગીલાલ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે તેમના તરફથી ઘણાં વર્ષોથી પંચાંગ ભેટ મોકલવામાં આવે છે આ વર્ષે પણ વિ. સં. ૨૦૩૧ ની સાલના કાર્તિકી જૈન પંચાંગ સભાસદ બધુઓને ભેટ આપવા માટે મોકલેલ છે તે માટે અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

## આ સભાના નવા આજીવન સભ્યો

૧. શ્રી. વિનયચંદ વીરજીભાઈ સાવરકુંડલા

૨. શ્રી. પ્રભુદાસ રામજીભાઈ જામક ડોરણા

૩. શ્રી. પ્રમોદકાન્ત ખીમચંદભાઈ ભાવનગર
એમ. એ., બી. કોમ., એલ. એલ. બી એડવોકેટ

## સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી (હાલ મુંબઈ) શાહ શાંતિલાલ ચત્રભૂજ તા. ૯–૫–૭૪ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણા દીલગીર થયા છીએ. તેઓશ્રી મળતાવડા સ્વભાવના અને ખૂબ ધાર્મિક લાગણીવાળા હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

ડૉ. મણીલાલ લલ્લુભાઈ શાહ પ્રથમ ભાદરવા સુધી ૧૩ ને તા ૩૦–૮–૭૪ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતા અમો ઘણા જ દિલગીર થયા છીએ તેઓ શ્રી ધર્મપ્રેમી અને સ્વભાવે મિલનસાર હતા અને આ સભાના આજીવન સભ્ય હતા પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. નાનચંદ તારાચંદ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



શ્રી નાનચંદ તારાચંદ શાહ

કાર્લાઇલે કહ્યું છે કે 'નીચામાં નીચું ઊંડાણ, એ વધારેમાં વધારે ઉંચાઇએ જવા માટે, માર્ગરૂપ પણ બની શકે છે' અને આ અદ્‌ભુત સત્ય જેના જીવનમાં ચરિતાર્થ થયેલું જોઈ શકાય છે, તે શ્રી. નાનચંદભાઈનો જન્મ ભાવનગર મુકામે સં. ૧૯૫૯ના આસો વદિ ૧ બુધવાર, તા. ૧૪-૧૦-૧૯૦૩ના દિવસે, શાહ તારાચંદ શામજીને ત્યાં થયો હતો. પિતાશ્રીનું શિર-છત્ર તો શ્રી. નાનચંદભાઈએ સવા વર્ષની ઉંમરે જ ગુમાવ્યું. પરંતુ આદર્શ માતા મણિબહેને પિતાની જગ્યાએ ઉણપ ન દેખાય, એવી રીતે બાળકને મોટા કર્યો. આપણી પ્રાચીન સંસ્કૃતિ સાચું જ કહે છે કે, **'सहस्त्रं तु पितृन् माता गौरवेणातिरिच्यते'** હજાર પિતાથી એક માતા શ્રેષ્ઠ.

જેવી આદર્શ માતા હતી, તેવો જ માતૃભક્ત બાળક હતો. માતાને ઉપયોગી થઇ શકાય એ દૃષ્ટિ રાખી, ગુજરાતી છ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરી, માસિક ત્રણ રૂપિયા પગારની નોકરી શ્રી. નાનચંદભાઇ બાલ્યાવસ્થામાંજ શરૂ કરી. એક વર્ષ બાદ મુંબઇ આવ્યા અને મઝગાંવ પર સલોત છગનલાલ વિઠ્ઠલદાસની ભાગીદારીમાં જવ, ભૂસાની દુકાન શરૂ કરી. ભારતની સ્વતંત્રતા માટેની લડત, એ યુગમાં મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે શરૂ થઈ હતી. ટિળક મહારાજની સ્મશાન યાત્રામાં શ્રી. નાનચંદભાઈ ગયા હતા અને ત્યાં પરદેશી કાપડની હોળી થયેલી જોઈ, ચાયના કાર્ડનો કોટ અને પહેરેલી ટોપી ઉતારી દઇ અગ્નિમાં હોમી દીધાં. ત્યારથી ખાદીનો પહેરવેશ શરૂ કર્યો અને આજસુધીમાં તેમાં કોઈ ફેરફાર થયો નથી. ટુંક સમયમાં શ્રી. નાનચંદ-ભાઇને સંગ્રહણી લાગુ પડી અને દેશમાં પાછું ફરવું પડયું.

જે પરિસ્થિતિ અને સંજોગોને કારણે મુંબઈ છોડવું પડયું, એ એવા હતા કે શ્રી. નાનચંદ-ભાઇની જગ્યાએ કોઈ અન્ય હોત તો, તે નિરાશ અને હતાશ બની જાત. પરંતુ નિરાશ કે હતાશ થવું એ તેમના સ્વભાવમાં નથી. પરમાર્થ સાથે સ્વાર્થ પણ સધાય એ દૃષ્ટિ રાખી, તેઓશ્રીએ ભાવનગર જૈન આત્માનંદ સભામાં નોકરી સ્વીકારી લીધી. સંગ્રહણીની ઉપાધિને તેઓશ્રીએ; સમાધિનું નિમિત્ત બનાવી દીધી. કારણકે આ વ્યવસાયના કારણે ઈ. સ. ૧૯૧૭ થી ૧૯૩૫ના દીર્ઘકાળ પર્યંત, તેમને આપણા સ્વ. મહાન મુનિરાજો શ્રી. પુણ્યવિજયજી, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, મુનિશ્રી ચતુરવિજયજી, આચાર્ય શ્રી વલ્લભવિજયસૂરિજી અને બીજા અનેક મુનિરાજોનો પરિચય અને સહવાસ થયો. આ સમય દરમિયાન, સેવા અને આધ્યાત્મિક જીવનનાં બીજ તેમનામાં રોપાયા જે આજે એક વટવક્ષરૂપે પરિણમ્યાં છે. નીતિ અને ધર્મ વિષયક ગ્રંથો વાંચવાનો, સમજવાનો તેમને અમૂલ્ય લાભ થયો. નિષ્ઠા, કાર્યકુશળતા અને દીર્ઘદૃષ્ટાપણુ વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણો જે પ્રથમ દૃષ્ટિએજ શ્રી. નાનચંદભાઇના જીવનમાં તરી આવે છે, તેના મૂળ બીજ, જૈન આત્માનંદ સભાની સેવા કરતાં કરતાં રોપાયાં હતાં.

શ્રી નાનચંદભાઇનું સમગ્ર જીવન પુરૂષાર્થમય અને સારા ગુણોવાળુ છે. પણ તે બધામાં કૃતજ્ઞતાનો ગુણ સૌથી મોખરે છે. કોઇએ આપણા ઉપર યત્કિંચિત્ ઉપકાર કર્યો હોય, તો તેનો મહાન ઉપકાર માની, ઋણ મુક્ત થયા પ્રયત્ન કરવો તેનું નામ છે કૃતજ્ઞતા. તાજેતરમાં શ્રી જૈન આત્માનંદ સભા પરના પત્રમાં, પોતાના હૃદયોગાર ઠાલવતાં શ્રી નાનચંદભાઇએ લખ્યું છે કે, "મારી યુવાનીમાં મેં સસ્થાને આશ્રયે રહીને જે સંસ્કાર અને શિક્ષણ પ્રાપ્ત કર્યું છે, તેણે મારા જીવનનાં ઘડતરમાં સુદર ફાળો આપ્યો છે. જેથી હું વ્યાપાર ક્ષેત્ર. વ્યવહાર અને સમાજસેવાના ક્ષેત્રે યોગ્ય સેવા આપીને સારી કક્ષાએ પહોંચ્યો છું. આ માટે સભાનો હું ઋણી છું અને મારી ફરજ સમજીને, ફૂલ નહિં તો ફૂલની પાંખડી રૂપે, રૂા. ૨૧૦૧નો ડ્રાફ્ટ સભાને યોગ્ય લાગે તેમાં ઉપયોગ કરવા ભેટ મોકલું છું. હૃદયની કેવી કોમળતા. અને વિશાળતા! અહિ એક વિદ્વાનની પંક્તિ યાદ આવે છે. " Gratitute is not only the memory, but the homage of the heart " અર્થાત્ કૃતજ્ઞતા એ ફક્ત કરેલા ઉપકારને યાદ રાખવો એટલું જ નહિ, પણ હૃદયપૂર્વક તેનો સત્કાર કરવામાં કૃતજ્ઞતા રહેલી છે. માત્ર વાણી દ્વારા નહિં, પણ પોતાના આચરણ દ્વારા આ સૂત્રને શ્રી નાનચંદભાઇએ સિદ્ધ કરી બતાવ્યું છે, અને તે માટે ખરેખર તેમને ધન્યવાદ ઘટે છે.

ભાવનગરમાં શ્રી નાનચંદભાઈ હતા ત્યારે તેમનું પ્રારબ્ધ, મુંબઈમાં તેમની રાહ જોઇ બેઠું હતું. ઈ સ. ૧૯૩૫માં શ્રી નાનચંદભાઈ મુંબઈમાં પાછા આવ્યા અને તેમના માસિયાઈ બંધુ સ્વ૦ પોપટલાલ વિઠ્ઠલદાસની દુકાનની જવાબદારી સંભાળવાની તેમને ફરજ પડી. તે પછી તેમણે સૌભાગ્યચંદ એન્ડ કંપની નામથી નવી દુકાન શરૂ કરી અને જીવનમાં, તેમણે કે અન્ય કોઇએ કલ્પના પણ ન કરી હોય, તેવી સફળતા પ્રાપ્ત થઈ. આજે તો આ પેઢીની ગણના આટાના ધંધામાં મુંબઇની એક આગેવાન પેઢી તરીકે થાય છે. તેમની 'વિટ બ્રાન્ડ' ભારતમાં અગ્ર સ્થાને છે. ધન વધ્યું અને સાથે નમ્રતા, દયા અને કોમળતા પણ વધ્યા. આંગણે આવેલો કોઈ પણ માનવી એમને એમ ખાલી હાથે પાછો ન જાય, એવી તેમની છાપ છે. જમણો હાથ આપે અને ડાબો હાથ પણ ન જાણી શકે, એવી એમની દાન પદ્ધતિ છે. એમનુ દાન એટલે ધનનું વાવેતર. He that does good to another does good also to himself –બીજાનું ભલું કરવું તેમાં પોતાનું ભલું રહેલું છે– આ છે તેમના જીવનનો મુદ્રા લેખ. ધન વધતાં વિલાસ અને વૈભવ વધે છે, પરંતુ શ્રી નાનચંદભાઇના જીવનમાં તો સાદાઈ, સેવા અને નમ્રતા જ વધેલા દેખાય છે.

બોમ્બે ફ્લોર મરચન્ટ એસોસિયેશન, બોમ્બે ગ્રેન મરચન્ટ એસોસિએશન, બોમ્બે ચેમ્બર્સ ઓફ કોમર્સ, ઓલ ઈન્ડીઆ ચેમ્બર્સ ઓફ કોમર્સ અને બીજી સંસ્થાઓમાં એક અગર તો બીજા રૂપે હોદ્દા પર રહી પોતાની સારી સેવા આપી છે. ગોઘારી જૈન મિત્ર મંડળ મુંબઇને મંત્રી તરીકે પોતાની સેવા આપી છે. આ સંસ્થાએ થોડા સમય પહેલાં શ્રી નાનચંદભાઇનું સન્માન કરી માનપત્ર આપેલું હતું. ફૂલ જેમ બગીચાની શોભા છે, તેમ નારી ગૃહની શોભા છે. શ્રી નાનચંદભાઈના સુશીલ પત્ની શ્રી ચંદ્રાવતી બહેન અત્યંત સાદા, સરળ અને નિરભિમાની છે. પત્નીની પ્રેરણા, અનુમોદના અને સહાય વિના કોઈ પણ પુરુષ જાહેરક્ષેત્રે સેવા આપી શકતો નથી. શ્રી ચંદ્રાવતીબેને અઠ્ઠાઈ તપ તેમજ પાંચ આંબેલની ઓળી કરી છે. પતિની સાથમાં ભારતના ઘણા જૈનતીર્થોની જાત્રાઓ પણ કરી છે. દાંપત્યજીવનનાં ફળરૂપે તેમને ત્રિરત્નો રૂપી શ્રી ઈન્દ્રસેન, શ્રી ચંદ્રસેન અને રાજેન્દ્ર –એમ ત્રણ પુત્રો છે, જેઓ પિતા સાથે ધંધામાં જોડાઈ ગયા છે.

આવા શ્રી નાનચંદભાઈ જેવા સેવાભાવિ પેટ્રન તરીકે પ્રાપ્ત કરવા માટે સભા અનેરો આનંદ અનુભવે છે. અમે તેમના હાથે અનેક લોકકલ્યાણના કાર્યો થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ કારતક ∴ ઈ. સ. ૧૯૭૪ નવેમ્બર [ અંક : ૧


## શ્રી મહાવીર સ્તુતિ

રચનાર : ડૉ. ભગવાનદાસ મ. મહેતા, એમ.બી.બી.એસ. મુંબઈ

(મંદાક્રાન્તા)

લોકો સર્વે ભુવનભરમાં મોહનિંદે સુતા'તા,
ને અજ્ઞાને ગહન તિમિરે ગાઢ તે ઘોરતા'તા;
ત્યાં તો ઊગ્યો ભારત-ગગને દિવ્ય તે વીર-ભાનું,
ધન્યા! ધન્યા! જનની ત્રિશલા ધન્ય સિદ્ધાર્થ માનું.—૧
તે વિરેંદ્રે સકળ જગની ભાવ-નિદ્રા ઉડાડી,
તે યોગીંદ્રે જનમન મહીં આત્મ જ્યોતિ જગાડી;
તે બુદ્ધેંન્દ્રે શિવપથ તણી શુદ્ધ વિધિ બતાવી,
તે દેવેંન્દ્રે ભવ-વન વિષે સાચી દિશા સુઝાડી—૨
'જીવોને મા હણુ' ઈમ મહા માણે વીર નામે,
ફૂંક્યો મંત્ર ત્રય ભુવનમાં આ અહિંસા સુનામે;
સૌ જંતુને જીવન પ્રિય છે, રક્ષ જો સર્વ પ્રાણી!
ભાખી એવી જગતગુરૂ તે શ્રી વીરે વીર વાણી—૩
મૈત્રી સર્વે ભૂત પ્રતિ અહો! સર્વ જીવો ધરાવો!
દુ:ખી પ્રત્યે કરૂણ ઝરણું નિત્ય સર્વે વહાવો!
રાખો રાખો પ્રમુદિતપણું સર્વદા ગુણી પ્રત્યે!
દાખો દાખો વિપરીત પ્રતિ ભાવ માધ્યસ્થ નિત્યે!—૪
એવી એવી નિર્મળ અતિશે ભાવનાઓ પ્રસારી,
મુક્તિ કેરા અમલ પથની આત્મવિદ્યા પ્રચારી;
દિવાળીને દિન જગદીવો નાથ નિર્વાણ પામ્યો,
જન્માબ્ધિથી તરણુકરણો લોકઅગ્રે વિરામ્યો.—૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अणंतुवगारगो सिरिवीरजिणीसरो

## અનંત ઉપકારી શ્રી વીરજિનેશ્વર

રચયિતા : આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ-ભાવનગર

सुकयत्थो वि जगप्पहु !, जम्हा जं विहरसे महीमज्झे ।
तं अन्नुवयारट्ठं, अरिहंताणं हि पउत्तीओ ॥ १ ॥

હે જગતનાં પ્રભુ શ્રી વીર જિનેશ્વર! આપ કૃતાર્થ થયા છતાં પણ જે કારણથી પૃથ્વીતલમાં વિચરો છો, તે ખરેખર અન્ય જીવોનાં ઉપકારને માટે છે. કારણ કે અરિહંત ભગવંતની પ્રવૃત્તિઓ જગતનાં પ્રાણીઓના ઉપકારને માટે હોય છે.

तत्ताण कसाएहिं, वाणी गोसीसचंदणसरिच्छा ।
रेहइ जिणिंद ! तुम्हं, जगजंतुगणाण अभयदया ॥ २ ॥

હે જિનેન્દ્ર ! આપની વાણી (દેશના) ક્રોધાદિ કષાયોથી તૃપ્ત થયેલાને બાવના ચંદનની સરખી શીતળ છે. કારણ કે આપની વાણી જગતનાં પ્રાણીઓને અભય આપનારી છે.

आसव्वसंवरं जं, चित्तं तुम्हेच्चयं जगहियगरं ।
देवाणुत्तरसंजमि-संसयविच्छेयण समत्थं ॥ ३ ॥

હે જિનવર! સર્વ સંવર ભાવનાં ચારિત્રની પ્રાપ્તિ સુધી આપનું મન જગતનાં જીવને હિતકારી છે. વળી અનુત્તર દેવો તેમજ મનઃપર્યાયજ્ઞાનીઓનાં સંશયને છેદવાને સમર્થ છે.

केवलनाणस्स कहं महिमा तव मिज्जए जिणिंदवर ! ।
संकंतो जहि लोगो, आयंसे पडिकिइविवेह ॥ ४ ॥

હે જિનેન્દ્રવર ! આપનાં કેવળજ્ઞાનનો મહિમા કેવી રીતે માપી શકાય ? જે આ કેવળજ્ઞાનરૂપી આરિસામાં પ્રતિબિંબની માફક સંપૂર્ણ ત્રિલોક સંક્રમ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भीमे महासमुद्दे, मज्जंताणमिह भविय जंतूण ।
निच्छिद्दा सुहकट्ठा, नावायइ तुम्ह आणा हि ॥ ५ ॥

હે જિનેશ ! ભયંકર વિશાલ ભવસમુદ્રમાં ડૂબતાં ભવ્ય જીવોને આપની આજ્ઞા આ લોકમાં છિદ્ર રહિત એવી સારા કાષ્ઠથી બનેલી નાવની માફક ભવસમુદ્રને પાર કરાવનારી છે.

मोहनरिंदमहागय-कुंभविदारणखमा हि देवेस ! ।
तुव पायपउमसेवा, भयवं सीहव्व रेहेइ ॥ ६ ॥

હે દેવોનાં સ્વામી ભગવન્ ? આપનાં ચરણકમલની ઉપાસના મોહરાજ રૂપી મોટા હાથીનાં કુંભસ્થલને ભેદવાને માટે સમર્થ સિંહની જેમ શોભે છે.

कामगवी-चिन्तामणि-कप्पतरु अहिगपहावसंजुत्तो ।
तुं चिय नाहेमि अहं, मणाइरेगफल दायार ! ॥ ७ ॥

મનવાંછિતથી પણ અધિક ફળને આપનારાં હે તીર્થપ ! આપ કામધેનૂ, ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક પ્રભાવથી યુક્ત છો, તેથી આપને જ હું નાથ તરીકે ઇચ્છું છું.

तह वि जगजीवसुहयर !, विहेहि विहियायरं पसण्णयरं ।
चरणसरोए लीणं, जिणेस ! मे माणसं रत्तं ॥ ८ ॥

તો પણ જગતનાં જીવોને સુખને કરનારા હે દેવાધિદેવ ! આપનાં ચરણ કમલમાં લીન થયેલાં, અત્યંત આદરવાળાં અને અતિશય પ્રસન્ન થયેલાં મારાં મનને ભક્તિવાળું કરો.

इत्थं विभाण सूरिस्स, सीसकत्थूरसूहिणो ।
सया वीरजिणे भत्ती, होज्जा सिवसुहप्पया ॥ ९ ॥

—" सिरि वीरजिणसक्कयथवस्स पाइयाणुवाओ "



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'નૂતન વર્ષના મંગળ પ્રવેશે'

લે. મનસુખલાલ તા. મહેતા.

ભગવાન મહાવીરની પચીસમી નિર્વાણ શતાબ્દી જયંતીની સાથેસાથ, યોગાનુયોગે શ્રી જૈન આત્માનંદ સભાનું મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ' પ્રસ્તુત અંકથી એકોતેર વર્ષની લાંબી મઝલ પૂર્ણ કરી બોતેરમાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આ મંગળ પ્રસંગ અમારા માટે તેમજ સમગ્ર જૈન સમાજ માટે ગૌરવ લેવા જેવો છે. આવી અપૂર્વ સફળતાનો યશ ચતુર્વિધ સંઘના ફાળે જાય છે, કારણકે સભા તરફથી પ્રગટ થતાં ગ્રંથો તેમજ 'આત્માનંદ પ્રકાશ'માં પ્રગટ થતાં લેખોમાં, અમને આપણા પૂજ્ય સાધુ ભગવંતો, પૂ. સાધ્વીજીઓ, વિદ્વાન વિચારક લેખકો તેમજ લેખિકા બહેનોનો સહકાર અને સાથ સાંપડ્યા કર્યો છે, જે માટે આ તકે તેઓ સૌનો અંતઃ-કરણપૂર્વક આભાર માનીએ છીએ. દેવ, ગુરુ અને ધર્મને વફાદાર રહી, જૈન સમાજનો અભ્યુદય થાય અને એકતા સધાય, એ દૃષ્ટિએ સાહિત્ય પીરસવાનું હરહંમેશ અમારૂં ધ્યેય અને વલણ રહ્યું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુલક્ષી આવા ધ્યેયથી ચ્યુત ન થવાય એવી કાળજીપૂર્વક, આ માસિકનું સંચાલન કરવામાં આવે છે.

ગત વર્ષમાં આગમ પ્રભાકર શ્રુતશીલવારિધિ પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ દળદાર વિશેષાંક, સભાના પેટ્રનો તેમજ આજીવન સભ્યોને ભેટ આપવામાં આવેલ છે તા. ૬-૧-૧૯૭૪ રવિવારના દિવસે અમદાવાદમાં શ્રી ઉજમ ફઈની ધર્મશાળામાં, પરમ પૂજ્ય શાંતમૂર્તિ આચાર્ય મહારાજશ્રી વિજય સમુદ્રસૂરિજી મહારાજની નિશ્રામાં, પ્રસ્તુત અંક ઉદ્ઘાટન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગને દીપાવવા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી. ગુલાબચંદ લલ્લુભાઈ શાહ અમદાવાદ ગયા હતા. પ્રસ્તુત શ્રદ્ધાંજલિ અંકનું સર્વ સંપાદન કાર્ય જાણીતા વિદ્વાન રત્ન શ્રી. રતિલાલ દીપચંદ દેશાઈએ અથાગ પરિશ્રમ લઈ કરેલ છે, અને આ અંક સર્વત્ર અત્યંત આવકાર અને આદરપાત્ર બન્યો છે આ સમારંભની સાથો સાથ, સભા તરફથી તૈયાર કરવામાં આવેલ 'શ્રી નિર્વાણ-કેવલિ મુક્તિ' ગ્રંથનું ઉદ્ઘાટન પણ કરવામાં આવેલ હતું. પ્રસ્તુત ગ્રંથ એક અમૂલ્ય ગ્રંથ છે અને તેનું સંપાદન કાર્ય અત્યંત પ્રતિભા-શાળી અને મહા વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજે અથાગ પરિશ્રમ લઈ કર્યું છે. મહા-રાજશ્રીનો 'દ્વાદશાર નયચક્ર' ગ્રંથ એમની દાર્શનિક તરીકે શક્તિનો સચોટ પુરાવો છે. અમને જણાવતાં આનંદ થાય છે કે, દ્વાદશાહ નયચક્રનો બીજો ભાગ પણ તૈયાર થવા આવ્યો છે અને ટુંક વખતમાં તેનો પ્રકાશન સમારોહ થશે.

આ ઉપરાંત ભગવાન મહાવીરની પચ્ચીસોમી નિર્વાણ જયંતીના ચાલુ વરસમાં, આપણી સભાના પેટ્રન શ્રી. નાનચંદ તારાચંદ શાહ (જેમની ટૂંકી જીવનરેખા આ અંકમાં સામેલ છે)ની જે ઉદાર ભેટ મળી છે, તેમાંથી આપણા આગમ સૂત્રોમાંની અમુક મૂળ ગાથાઓ તેમજ શબ્દાર્થનું, એક પોકેટ સાઈઝનું નાનકડું પુસ્તક બહાર પાડવા સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ નક્કી કર્યું છે. સભાના પેટ્રનો તેમજ આજીવન સભ્યોને આ ગ્રંથ ભેટ આપવમાં આવશે

'આત્માનંદ પ્રકાશ' માસિકમાં મુખ્યત્વે જૈન દર્શન, તત્ત્વજ્ઞાન, ધાર્મિક શિક્ષણ, બોધદાયક કથાઓ અને પ્રસંગો તેમજ જીવન સુધારણા વિષયક લેખોને સ્થાન આપવામાં આવે છે. ગદ્ય અને પદ્ય વિભાગમાં વિધવિધ સુંદર સામગ્રી પીરસવામાં ગત વર્ષે મુખ્ય ફાળો પૂ. પં. શ્રીહેમચંદ્રવિજયજી મહા-રાજ પૂ. લબ્ધિવિજયજી ગણિ, પૂ. સાધ્વીશ્રી ઓંકાર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીજી, શ્રી ઉપેન્દ્રરાય જ. સાંડેસરા, શ્રી પન્નાલાલ પટ્ટણી, શ્રી હિરાલાલ કાપડિયા, ડૉ. વલ્લભદાસ મહેતા, શ્રી ઝવેરભાઈ બી. શેઠ, રતિલાલ માણેકચંદ શાહ, ડૉ. ભાઈલાલ બાવીશી, અમરચંદભાઈ માવજી, દેશાઈ શૈલેશ એસ., શ્રી જગજીવનદાસ જે. દેશાઇ, શ્રી ભાનુમતીબેન દલાલ અને અન્ય લેખકોએ આપેલ છે (ગ્રંથ સમાલોચનાનો વિભાગ, સભાના ઉત્સાહી અને અભ્યાસી કાર્યકર શ્રી અનંતરાય જાદવજી શાહે સંભાળેલ છે) જે સૌ મહાનુભાવોનો આ પ્રસંગે અમે આભાર માનીએ છીએ.

ગત વર્ષમાં સર્વશ્રી ચીમનલાલ નગીનદાસ ભાંખરીઆ, શ્રી કાંતિલાલ ભગવાનદાસ સાવડિયા, ઓલ ઇન્ડીઆ શ્વેતાંબર જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદ એસ ગાર્ડી, શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, શ્રી પન્નાલાલ લલ્લુભાઈ પટ્ટણી, શાહ તલકચંદ દામોદરદાસ મહેતા અને શ્રીમતી ભાનુમતીબેન વાડીલાલ ગાંધી, આ સભા સાથે પેટ્રન તરીકે જોડાતાં, આપણી સભાના પેટ્રનોની સંખ્યા દોઢસોથી પણ વધી ગઈ છે. તદુપરાંત શ્રી વિદ્યાવિજય સ્મારક ગ્રંથમાળા, સાઠંબા; સર્વશ્રી અમીલાલ ફુલચંદ વસા, શ્રી ત્ર્યંબકલાલ જગજીવનદાસ શાહ, શ્રી મનસુખલાલ જુઠાભાઈ, શ્રી મહાસુખભાઈ હીરાચંદ, શ્રી પ્રવિણચંદ્ર જગજીવનદાસ, શ્રી ધનવંતરાય હીરાલાલ, શ્રી વ્રજલાલ હરજીવનદાસ દોશી, શ્રી રમણિકલાલ ખીમચંદ મહેતા તેમજ શ્રી પ્રવિણચંદ્ર તલકચંદ, આ સભાના આજીવન સભ્યો બની સભાના કાર્યને સહકાર અને ઉત્તેજન આપેલ છે, તે બદલ તેઓ સૌનો આ તકે અમે આભાર માનીએ છીએ.

ગત વર્ષમાં આપણી સભાના પેટ્રન, ધર્મપરાયણ શેઠશ્રી સાકરચંદ મોતીલાલનું મુંબઇ મુકામે તા. ૧૧-૨-૭૪ના દિવસે દુઃખદ અવસાન થયાની નોંધ લેતાં અમને અત્યંત ખેદ થાય છે. સદ્‌ગત શેઠશ્રી આ સભા પ્રત્યે અનન્ય પ્રેમ અને લાગણી ધરાવતા હતા. જૈન સમાજની અનેક સંસ્થાઓમાં તેઓએ છૂટા હાથે દાન આપેલ છે. તેઓશ્રીની આર્થિક સહાય વડે, સ્વર્ગસ્થ પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજ સાહેબની જન્મ જયંતી નિમિત્તે દરેક વરસે શ્રી શેત્રુંજય તીર્થપર આંગી-પૂજા થાય છે અને સભાના પેટ્રનો -આજીવન સભ્યોનું પાલીતાણામાં સ્વામિવાત્સલ્ય પણ કરવામાં આવે છે. સભાના પેટ્રન શ્રી ખીમચંદ લલ્લુભાઇ પાનવાળા, તેમજ આજીવન સભ્યો સર્વશ્રી ગીરધરલાલ ખીમચંદ, ભાવસાર નેમચંદ છગનલાલ, શાહ હીરાચંદ હરગોવનદાસ, શાહ વાડીલાલ મગનલાલ અને શાહ પ્રભુદાસ મૂળચંદના ગત વરસમાં થયેલા દુઃખદ અવસાનની નોંધ લેતાં અમે દુઃખ અનુભવીએ છીએ. શાસનદેવ આ સૌ આત્માને ચિરશાંતિ આપે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

ભાવનગરમાં સરદારનગર વિસ્તારમાં બંધાયેલા શ્રી શાંતિનાથ જિનપ્રસાદના પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૫-૫-૭૪ ના દિવસે યોજવામાં આવ્યો હતો. આ પ્રતિષ્ઠાનો લાભ ભાવનગર નિવાસી મુંબઇના શાહ સોદાગર શેઠ શ્રી વાડીલાલભાઈ ચત્રભુજ ગાંધી, જેઓ આ સભાના પેટ્રન છે, તેમણે લીધો હતો આચાર્ય ભગવંતો પૂજ્યપાદશ્રી કસ્તુરસૂરિજી મહારાજ તેમજ પૂજ્ય ચંદ્રોદયસૂરિજી મહારાજની નિશ્રામાં આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવની વિધિ અત્યંત ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી.

ઉપરોક્ત પ્રસંગનો લાભ લઈ તા. ૨-૬-૧૯૭૪ના દિવસે, આપણી સભા તરફથી શેઠશ્રી પન્નાલાલ લલ્લુભાઇ પટ્ટણીના અધ્યક્ષપદે શેઠ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીનું સન્માન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે તેઓશ્રીને સભા તરફથી એક માનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં તેમની વિધવિધ ક્ષેત્રે સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સભાના ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ શાહના વરદ્ હસ્તે શ્રી વાડીલાલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાંધીને આ માનપત્ર આપવાનો સમારંભ, બહુ ભવ્ય રીતે ઉજવાયો હતો. સભાના પ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશી જો કે નાદુરસ્ત તબિયતના કારણે સમારંભમાં હાજર રહી શકયા નહોતા, પણ તેઓએ મોકલાવેલા સંદેશામાં કાર્યવાહીની જે ટૂંકી રૂપરેખા આપેલી છે, જે સમગ્ર જૈન સમાજને જાણવા યોગ્ય હોય અત્રે આપી છે. તેઓશ્રીએ લખ્યું છે કે, "જૈન આત્માનંદ સભા લગભગ આઠદસકાથી જૈન સમાજમાં કામ કરી રહી છે. તેણે જૈનધર્મ અને સંસ્કૃતિના અમૂલ્ય ગ્રન્થો સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધિ વગેરે ભાષામાં ૨૦૦ ઉપરાંતની સંખ્યામાં પ્રગટ કર્યા છે અને જગતના વિદ્વાનોમાં નામના મેળવી છે. વળી વિશ્વ વિખ્યાત પૌર્વાત્ય વિદ્યાની સંસ્થાઓ સાથે સારા સંબંધો કેળવ્યા છે. જૈન સાહિત્ય ક્ષેત્રે આ મહામૂલી સિદ્ધિ અને સેવા ગણી શકાય તેવા છે. અલબત્ત આ સભા આવુ સુંદર કાર્ય કરી શકી છે, તેનો પ્રતાપ પરમ પૂજ્ય ન્યાયાંભોનિધિ આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ અને તેમના પરિવારનો છે અને તેમાં પણ ખાસ કરીને આગમ પ્રભાકર શ્રુતશીલવારિધિ સ્વ. પુણ્યવિજયજી મહારાજની કૃપા તો આ સભા કદાપે ભૂલી શકે તેમ નથી."

આપણી સભા તરફથી ભગવાન મહાવીરની પચ્ચીસમી નિર્વાણ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ઈનામી નિબંધ હરિફાઇ યોજવામાં આવી હતી, જેમાં એકસોથી વધુ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. આ પૈકી તેર વિજેતાઓ વચ્ચે રૂા. ૩૫૫)ની રકમ ઈનામ તરીકે વહેંચી આપવામાં આવી હતી. ઇનામ-વિતરણ સમારંભ, સભાના શેઠ ભોગીલાલ લેકચર હોલમાં પૂજ્ય આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરિજી મહારાજની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, ભાવનગરની શાખાના ડેપ્યુટી મેનેજર શ્રી વિનયકાન્તભાઈ મહેતા અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. આ પ્રસંગે ભાવનગરના જૈન સમાજને ઉદ્દેશી પૂ. આચાર્ય ભગવંતે જણાવ્યું હજુ કે. ભાવનગરમાં અગાઉ જ્ઞાનની પરબો વહેતી હતી, એવીજ જ્ઞાનની પરબ વર્તમાન કાલે પણ વહેતી થાય એ જરૂરી છે.

પ્રજ્ઞાચક્ષુ પૂજ્ય પંડિતશ્રી સુખલાલજી સંઘવીને ભારત સરકાર તરફથી થોડા સમય પહેલાં પદ્મ-ભુષણની પદવી એનયત કરવામાં આવી હતી અને આ રીતે ભારત સરકારે તેમના જ્ઞાનનું બહુમાન કર્યું છે એ જ રીત આપણા વિદ્વાન પંડિત રત્નો શ્રી. દલસુખભાઇ માલવણિયા, જેઓ ભારતીય દર્શનોના એક પ્રખર વિદ્વાન છે અને જેમના જ્ઞાનનો લાભ લેવા માટે થોડા સમય પહેલાં અમેરિકાની યુનિવર્સિટીએ આમંત્રણ આપી તેમને ત્યાં બોલાવ્યા હતા, તેમનુ સન્માન પણ તાજેતરમાં દિગંબર જૈન સંઘની જાણીતી સંસ્થા 'વીર નિર્વાણ ભારતી' દ્વારા કરવામાં આવ્યું હતું. પોતાનું સમગ્ર જીવન, જેમણે આપણા આગમ શાસ્ત્રોના અભ્યાસ અને સંશોધન અર્થે વ્યતીત કરેલું છે અને જેમણે સંપાદન કરેલું 'ભગવતી સૂત્ર' તાજેતરમાં મહાવીર જૈન વિદ્યાલય આગમ સમિતિ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે, તેમનું પણ આ રીતે 'વીર નિર્વાણ ભારતી' સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવેલ છે. પિતાની માફક પંડિત બેચરદાસના પુત્ર રત્ન શ્રી. પ્રબોધ દોશી, જેઓ પણ આગમ શાસ્ત્રો અને ધર્મશાસ્ત્રોના એક પ્રખર અભ્યાસી છે, તેમને તાજેતરમાં અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી, આ વરસનો શ્રી. રણજીત રામ સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો છે. પંડિત શ્રી પ્રબોધભાઇએ યુરોપ અને અમેરિકા જઇ અભ્યાસ કરેલ છે. આપણા જૈન સમાજનું એક મહા સદ્‌ભાગ્ય છે કે, આપણાને આવા મહાન પંડિત રત્નો સાંપડયા છે. શાસનદેવ તેઓને દીર્ઘ આયુષ્ય અર્પે અને સમાજને દોરવણી આપતા રહે એવી શુભેચ્છા સેવીએ છીએ.

જૈન સમાજ વસ્તીની દૃષ્ટિએ બહુનાની સંખ્યા ધરાવે છે, પણ તે સાધન સંપન્ન અને કુશાગ્ર બુદ્ધિ ધરાવતો સમાજ છે અને તેના દાનનો પ્રવાહ અસ્ખલિત રીતે વહ્યા કરે છે. તીર્થ જાત્રા સંઘો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાનો, શાંતિ સ્નાત્રો અને બીજા આવા અનેક અનુષ્ઠાનોમાં આપણે અઢળક નાણું ખરચીએ છીએ અને આ બધું ખચીત જ અનુમોદનાને પાત્ર છે. કલકત્તા–સિદ્ધાચલ સંઘના સંઘપતિઓના સન્માન પ્રસંગે, અમદાવાદ મુકામે તા. ૧૪–૫–૧૯૭૪ના દિવસે શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ તેમના વકતવ્યમાં ટકોર કરી હતી, કે "મારે કહેવું જોઇએ કે એક અગત્યની બાબતમાં આપણે ઉપેક્ષા સેવીએ છીએ અને તે એ કે જૈન ભાઈ બહેનોને કામે ચડાવી તેમની સ્થિતિ સુધારવા અંગે આપણે દુર્લક્ષ સેવ્યું છે, હું આશા રાખું છુ કે જૈન અગ્રેસરોનું આ તરફ ધ્યાન ખેંચાય અને આ ઉણપ પૂરી કરીએ." શેઠશ્રી કસ્તુરભાઇની આ ટકોર અત્યંત મહત્ત્વની અને સમયસરની છે. આપણે આ મહત્ત્વની વાત પ્રત્યે જરાએ લક્ષ્ય આપ્યું નથી. સ્થાનકવાસી સમાજનું આ બાબતમાં આપણે અનુકરણ કરવા જેવું છે. દુષ્કાળ અને ભીષણ મોંઘવારીના આ સમયમાં, મધ્યમ વર્ગના લોકોની પરિસ્થિતિ ભારે કફોડી થઈ ગઇ છે તેઓ હાથ લાંબો કરતાં ક્ષોભ અનુભવે છે અને મનમાં જ સમસમીને બેસી રહેવું પડે છે. શ્રીમદ્ રાજચંદ્રે 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે :

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

અર્થાત્ જે આત્માર્થી હોય તે જ્યાં જ્યાં જે જે કરવું ઘટે છે, તે તે કરે અને જ્યાં જ્યાં જે જે સમજવું ઘટે છે, તે તે સમજે; અથવા જ્યાં જ્યાં જે જે સમજવું ઘટે છે, તે તે સમજે અને જ્યાં જ્યાં જે જે આચરવું ઘટે છે, તે તે આચરે, તે આત્માર્થી કહેવાય. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (અધ્યયન ૨૯) માં કહ્યું છે કે વૈયાવૃત્ત્યથી તીર્થંકર નામ ગોત્ર કર્મ બંધાય છે ભગવતી સૂત્ર (શતક ૨૫-૭) માં વૈયાવૃત્ત્યના દશ પ્રકારો સમજાવ્યાં છે, જે પૈકી એક પ્રકાર છે, "साहम्मिय-वेयावच्चे" અર્થાત્ સાધર્મિક એટલે સમાન ધર્મ પાળનારનું વૈયાવૃત્ત્ય, પ્રતિષ્ઠા મહોત્સવ અને અન્ય અનુષ્ઠાનોથી, જો સ્વર્ગ કે મુક્તિ નજીક આવતા હોય, તો વૈયાવૃત્ત્યનું ફળ તો તેથી પણ અદકું છે, એ વાત આપણા ધનવાન અને સાધન સંપન્ન ભાઇ બહેનોને સમજવાની અત્યંત જરૂર છે.

ભગવાન મહાવીરદેવની રાષ્ટ્રીય સ્તરે ઉજવાતી પચ્ચીસમી નિર્વાણ શતાબ્દી અંગે, માત્ર શ્વેતાંબર સંપ્રદાયના અમુક સાધુભગવંતો અને શ્રાવકો તરફથી ભારે ઉહાપોહ અને વાવંટોળ ઉભો કરી, ફાગનો વાઘ કરવામાં આવ્યો છે. ભારત સરકાર આ નિર્વાણ જયંતી મહોત્સવ ઉજવે તેમાં જૈન ધર્મનું કશું અહિત નથી, પરંતુ હિત સધાય છે, એ બતાવવા, મુંબઈના આગેવાન અને પ્રતિષ્ઠિત બસો ઉપરાંત મહાનુભાવોની સહી સાથે તા. ૮-૧૧-૭૪ના 'મુંબઇ સમાચાર' પત્રમાં એક જાહેર નિવેદનમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે "અમારૂં નમ્ર મન્તવ્ય છે કે આ ઉત્સવમાં જેઓ, સહમત ન હોય તેઓ પોતાની રીતે આ પ્રસંગને ઉજવે, પણ જેઓ રાષ્ટ્રીય અને આન્તર રાષ્ટ્રીય સ્તરે ઉજવવા ઇચ્છે છે, તેમના માર્ગમાં વિઘ્નો નાખવા કે અણછાજતો વિરોધ કરવો એ અયોગ્ય છે. આપણા ભાવિ માટે પણ હિતાવહ નથી. વળી જૈન ધર્મના કે ભગવાન મહાવીરના અનેકાન્તના મૂળભૂત અને મહાન સિદ્ધાંતથી સર્વદા વિરુદ્ધ છે. સહિષ્ણુતા અને સમતાએ જૈનધર્મનો મૂળભૂત પાયો છે શ્રીસંઘની શાન્તિ અને એકતા જાળવી રાખવા આ ગુણોનો આદર સહુએ કરવો જ જોઇએ. તેથી વિરોધ કરી રહેલા વર્ગનું સહુ કોઇને વિરોધ બંધ કરવા અમારી નમ્ર વિનતી છે અને આ પ્રસંગને પોતપોતાની મર્યાદા મુજબ, જેમને જે જે રીતે ઉત્સવ ઉજવવો હોય તે રીતે સહુ ભવ્યતાથી ઉજવે અને જૈનધર્મનું ગૌરવ વધારે, એવું અમારૂં હાર્દિક નમ્ર નિવેદન છે."

રાષ્ટ્રીય સ્તરે ઉજવાતા ઉત્સવના વિરોધીઓનું લક્ષ્ય, તાજેતરમાં સર્વોદય સંઘમાં આવો જ અટપટો સવાલ ઉભો થયેલો ત્યારે પૂ. વિનોબાજીએ તેનું નિવારણ કઇ રીતે કર્યું, તે પર દોરવવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇચ્છીએ છીએ.

સર્વોદય સેવા સંઘે બિહારના આંદોલનમાં ભાગ લેવો કે ન લેવો, તેનો નિર્ણય ન થઈ શકયો, એટલે બધા સભ્યો-આંદોલન તરફી અને આંદોલન વિરોધી પૂ. વિનોબાજી પાસે તોડ કઢાવવા ગયા પૂ વિનોબાજીએ સૌને સંબોધતા કહ્યું, "આ ભગવાન મહાવીરની જયંતીનું વર્ષ છે આમાં ખંડનાત્મક કામ ન થવુ જોઇએ. તેથી હું ઠરાવું છું કે જે કાર્યકર્તાઓને બિહારના આંદોલનમાં જવું હોય તેમને તેમ કરવાની છૂટ આપવી મહાવીર ભગવાનના જીવન મર્મ તરીકે સ્યાદ્‌વાદનું મહત્ત્વ પૂ. વિનોબાજીએ અનેકવાર કહ્યું છે. વિનોબા એને પોતાની રીતે 'ભી-વાદ' કે 'પણ વાદ' કહે છે. આ પણ ખરૂં હોય, તે પણ ખરૂં હોય. આજ ખરૂં એવો આગ્રહ ન હોય. માટે કોઇ પોતાને ખરૂં લાગે તે કરે તેમાં અંતરાય રૂપ હિંસા આચરવી નહીં-આ વાત ખૂદ વિનોબાજીએ સર્વોદય સંઘના ભાઈ બહેનોને કહી હતી.

આ વાતમાંથી આપણે શ્વેતાંબર સંપ્રદાયના સાધુ ભગવંતો અને શ્રાવકો બોધપાઠ લઇએ. અહિંસા-સંયમ-તપની વાતો આપણે ઘણી કરી, હવે આ વાતને આપણે આચરણમાં મુકતાં થઈ જઇએ. બુધ્ધે તેના શિષ્યોને પૂછયું 'ઉત્તમ ભિક્ષુ કોણ ?' જવાબમાં પોતેજ કહ્યું છે, हत्थ संयतो पाव संयतो-वाचाय संयतो અર્થાત્ જેને હાથ પર કાબૂ હોય, (મનમાં જેમ આવે તેમ વગર વિચારે લખી નાખવું એ હાથનો અસંયમ સૂચવે છે) જેને પગ પર કાબૂ હોય અને જેને વાણી પર કાબૂ હોય-તે ઉત્તમ ભિક્ષુ છે. વાણી પર કાબૂ લાવવો એ ભારે કઠિન સાધના છે. મનમાં ક્ષોભ, આઘાત, પરિતાપ અને દુઃખ હોય, તો પણ તેનું પ્રદર્શન વાણીમાં તો નજ થવું જોઇએ-એ છે વાણી પરનો સાચો સંયમ. સત્ય હોય, પણ અપ્રિય શબ્દોમાં કહેવામાં આવે, તો તેમાં વાણી પરના કાબૂનો અભાવ છે.

રાષ્ટ્રીય સ્તરે ભગવાન મહાવીરની નિર્વાણ શતાબ્દિ મહોત્સવ ઉજવાય છે, એ સાચો માર્ગ કે ખોટો માર્ગ છે, એ આખોયે પ્રશ્ન વાહિયાત અને બીનજરૂરી છે. ભારત સરકાર આવો ઉત્સવ ઉજવે, તેથી જૈનધર્મ ભયમાં આવી જશે અગર ધર્મની આશાતના થશે, એવો ભય અસ્થાને છે. ભગવાન મહાવીરનું શાસન દીર્ઘકાળ પર્યંત ટકીજ રહેવાનું છે, એ નિર્વિવાદ વાત છે અને જૈનધર્મ તો નિત્ય અને શાશ્વત છે-આ બધું સમજનારાઓ પણ જો આવા કાલ્પનિક ભયો ઊભા કરે-તો આ બધું તો જળમાંથી અગ્નિ પ્રગટ્યા જેવું બેહૂદું અને વિચિત્રજ કહેવાયને !

આપણા મતભેદો આપણે સાથે બેસી દફનાવી દઇએ અને સૌ સાથે મળી આ મહોત્સવ ઉજવણીમાં આનંદપૂર્વક ભાગ લઈએ, એજ અમારા કહેવાનો આશય છે, કોઈ એક પક્ષ સાચો અને બીજો ખોટો, એવી મેલી દૃષ્ટિ આ બધું લખવા પાછળ નથી. બને પક્ષો ભિન્ન ભિન્ન દૃષ્ટિએ સાચા છે, એમ માની લઇ આપણે કુસંપ, કલેશ અને મન દુઃખનો અંત લાવીએ. આમ નહિં થાય અને આપણે અંદરો અંદર ઝઘડવાનું ચાલુજ રાખશું, તો આપણો શ્વેતાંબર સંપ્રદાય થોડા વરસોમાં છિન્નભિન્ન થઈ જશે અને તે માટે આપણી ભાવિ પેઢી, આપણા સૌને જવાબદાર ગણશે. શાસનદેવ સૌને સદ્‌બુદ્ધિ આપે !

પ્રસ્તુત મંગળ વિધાનમાં જે સમીક્ષા કરવામાં આવી છે, તેના શબ્દો સામે ન જોતાં, એ શબ્દો પાછળ રહેલી ભાવનાનો વિચાર કરવા અમે અમારા વાચકોને પ્રાર્થના કરીએ છીએ. અંતમાં અમે પ્રાર્થના કરીએ છીએ કે.—

शिवमस्तु सर्वजगतः परहित
निरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र
सुखी भवन्तु लोकाः ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર

લે૦ મનસુખલાલ તારાચંદ મહેતા

ભગવાન મહાવીરના જીવન વિષે સમજતાં પહેલાં, એમના જન્મ સમયે આ દેશમાં કેવી પરિસ્થિતિ પ્રવર્તતી હતી, તે સમજવું જરૂરી છે, ભગવાન મહાવીરનું ક્રાન્તદર્શી જીવન સમજવા માટે આ વસ્તુ મહત્ત્વની છે.

એ સમય કેવળ બૌદ્ધિક જડતા અને શુષ્ક ક્રિયા-કાંડોથી ભરેલો હતો. બ્રાહ્મણ વર્ગની સત્તા સર્વોપરી હતી બધા ધર્મો અને તત્ત્વોનો સાર વેદમાં સમાઈ જતો. વળી વેદોનો ઇજારો પણ માત્ર બ્રાહ્મણ લોકોનોજ હતો. શૂદ્ર અને અંત્યજ જ વર્ગના લોકોની વિડંબનાનો કોઇ પાર ન હતો. ગુલામ પ્રથા તે વખતે મોટા પ્રમાણમાં હતી. ચંદનબાળા જેમને ભગવાને છત્રીસ હજાર સાધ્વીઓનું નેતૃત્વ પદ સોંપ્યું હતું, તેનું પણ એ યુગમાં ગુલામ તરીકે ચૌટામાં વેચાણ થયું હતું. એ વખતે હિંસાનું ક્રૂર તાંડવ ચાલી રહ્યું હતું. યજ્ઞમાં જીવતા પશુઓનો હોમ થતો અને યજ્ઞો કરાવનારને, યજ્ઞોની ક્રિયા કરાવતાં બ્રાહ્મણો સ્વર્ગની લાલચ આપતા. એક રાજ્ય અન્ય રાજ્યોથી હમેશાં ભયભીત રહેતું. અવારનવાર યુદ્ધો થતાં અને યુદ્ધમાં થતી હિંસાને હિંસાની દૃષ્ટિએ જોવાને બદલે, એમ માનતાં કે યુદ્ધમાં મરનારાઓને સ્વર્ગ પ્રાપ્ત થાય છે. નારી જાતની અવહેલનાનો કોઇ પાર ન હતો. પુરુષનું મૃત્યુ થતાં તેની પત્નીને, ફરજિયાત ચિતામાં જીવતા બળીમરી સતી થવાની ફરજ પડતી. પત્નીનું મરણ થતાં, બૂટની જોડી બદલાવવાની માફક પતિરાજો તુરત જ લગ્ન કરી લેતા. પુરુષ જાત પોતાની ભોગેચ્છા તૃપ્ત કરવા અનેક પત્નીઓ રાખી શકતો હતો. રાજાઓના અંતઃપુરમાં અનેક રાણીઓ હોવા છતાં કોઈ સુંદર સ્ત્રીને જુવે કે તેને પોતાના અંતઃપુરમાં તેડી મગાવતો. નારી પ્રત્યેનો વર્તાવ, તે જાણે નરનું રમકડું હોય તેવો તુચ્છ હતો. ધનવાન લોકો પણ અનેક ગુલામો, દાસદાસીઓ, પશુઓ, મોટા પ્રમાણમાં ખેતીની જમીનો રાખી શકતા હતા. એકબાજુ રિદ્ધિસિદ્ધિનો કોઇ પાર ન હતો, તો બીજીબાજુ ભીષણ ગરીબાઈ હતી.

## જન્મ અને બાલ્યાવસ્થા

મગધદેશ કે જે અત્યારે બિહાર પ્રાંતથી ઓળખાય છે, ત્યાંના ક્ષત્રિયકુંડ નામે શહેરમા (ક્ષત્રિયકુંડ એ વૈશાલીનું એક પરું હતું એમ પણ કેટલાક લોકો માને છે. ભગવાનના જન્મ દિવસે, આજે પણ વૈશાલીમાં મોટો ઉત્સવ ઉજવવામાં આવે છે. વૈશાલી હાલ તો એક નાનકડું ગામડું હોવા છતાં, આ ઉત્સવમાં દૂર દૂરથી એક લાખથી પણ વધુ સ્ત્રી પુરુષો ભાગ લેવા આવે છે) આજથી ૨૫૭૧ વર્ષ પૂર્વે ચૈત્ર સુદ ત્રયોદશીના દિવસે નાથ વંશીય ક્ષત્રિયકુળમાં, સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલાદેવીએ એક અતિ ભવ્ય અને તેજસ્વી બાળકને જન્મ આપ્યો, જેનું નામ વર્ધમાન પાડવામાં આવ્યું. પાછળથી તેઓ 'મહાવીર' નામથી પ્રસિદ્ધ થયા. બાળક માતાના ગર્ભવાસમાં આવ્યા પછી કુટુમ્બમાં, રાજ્યમાં ધનધાન્ય અને આનંદમાં વૃદ્ધિ થવા લાગી, તેથી તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યુ. વર્ધમાનને એક મોટાભાઇ અને બહેન હતા, જે નંદિવર્ધન અને સુદર્શના નામે પ્રસિદ્ધ છે.

વર્ધમાનનું તેજ નાનપણથી જ અપાર હતું. માતાના ગર્ભમાં હતાં ત્યારે સાતમે મહિને માતાને હલન ચલનથી કષ્ટ ન થાય તે માટે, ગર્ભમાં સ્થિર રહ્યાં. પરંતુ તેથી ત્રિશલા માતાને અમંગલની શંકા થઇ અને પોતે તેમજ સમગ્ર રાજકુટુંબ શોકમાં ડૂબી ગયું જ્ઞાન વડે ગર્ભાવસ્થામાં ભગવાને આ જાણ્યું અને જગતના સમગ્ર જીવોને પ્રેમથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારવા માટે જે મહાન વિભૂતિ આ અવનિ પર જન્મ લેવાની હતી, તેણે તે જ વખતે નિશ્ચય કર્યો કે 'માત પિતાની જીવિત અવસ્થામાં હું દીક્ષા નહિ લઉં.* જગતના જીવો માત્ર પ્રત્યે જેમના હૃદયમાં કરુણા, કોમળતા અને અનુકંપા હોય, તેવી મહાન વિભૂતિને પોતાના માતાપિતા પ્રત્યે કેવા સદ્ભાવ અને લાગણી હશે, તેનો ખ્યાલ, આ વસ્તુમાંથી મળી શકે તેમ છે.

વર્ધમાનનાં શરીરનો બાંધો મજબુત અને માપસર હતો. તેમના મનમાં મેલ ન હતો અને પેટમાં પાપ ન હતું. ભયને તો તેઓ સમજતાં જ નહિ. તેમને શાળામાં ભણવા મોકલ્યાં, પણ ગુરુ તો તેમનું જ્ઞાન જોઇને અજાયબ થઇ ગયા. માતા પિતાના તેઓ પરમ ભક્ત હતા વડીલ બંધુ પ્રત્યે તેમને અપૂર્વ સદ્ભાવ હતો.

## વર્ધમાન મહાવીર

આઠ વર્ષની ઉંમરે વર્ધમાન, શહેરની બહાર બીજા છોકરાઓ સાથે 'તિંદૂસક'ની રમત રમતા હતા. આ રમતમાં જે હારે તેને પીઠ પર લઇને દોડવાનું હોય છે તે વખતે એક દેવ બાળસ્વરૂપ લઇને ત્યાં રમવા આવ્યા, અને રમતમાં હારી જતા પેલા દેવે વર્ધમાનને પોતાની પીઠ પર ચડાવ્યાં. દેવે પછી તરત જ પોતાની શક્તિથી સાત તાડ જેટલું પોતાનું શરીર ઊંચું કર્યું. વર્ધમાને આ માયા સ્વરૂપને સમજી લઈ, પોતાની મુક્કી જોરથી પેલા બાળક સ્વરૂપમાં રહેલા દેવને મારી, એટલે દેવે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરવું પડ્યું. દેવે કહ્યું કે, 'વર્ધમાન! તમે ખરેખર મહાવીર છો." તે પછીથી વર્ધમાન 'મહાવીર' નામે ઓળખાવા લાગ્યા.

## મહાવીરનું ગૃહસ્થી જીવન અને દીક્ષા

શ્રી વર્ધમાને, સમરવીર નામનાં એક મહા સામન્તની પુત્રી યશોદા સાથે લગ્ન કર્યાં હતા. દીગમ્બર સંપ્રદાય એમ માને છે કે શ્રી વર્ધમાને લગ્ન નહિ કરેલાં, ત્યારે શ્વેતામ્બર સંપ્રદાય લગ્ન કર્યાં હોવાનું માને છે યશોદા સાથે લગ્ન કર્યા પછી, દીક્ષા લીધા પહેલાં કે પછી તેઓ મૃત્યુ પામ્યા તેનો કોઈ ચોક્કસ ઉલ્લેખ જોવામાં આવતો નથી. માતા પિતાના સ્વર્ગગમન પછી, ૨૮ વર્ષની ઉંમરે વર્ધમાને દીક્ષા લેવાનો નિર્ણય જાહેર કર્યો, પરંતુ વડીલ બંધુની ઇચ્છાનુસાર વર્ધમાન વધુ બે વર્ષ સંસારમાં રહ્યાં. ૩૦ વર્ષની ઉંમરે ક્ષત્રિયકુંડની ઈશાન દિશાએ આવેલા 'જ્ઞાતખંડ'ના ઉદ્યાનમાં આવેલા, એક અશોકવૃક્ષની નીચે આભૂષણો ઉતારી, પોતે જ પોતાનાં હાથે પંચમુષ્ટિ લોચ કર્યો. અને પ્રતિજ્ઞા કરી કે, 'હું સમભાવ સ્વીકારૂં છું અને બધા સાવદ્ય યોગનો ત્યાગ કરૂં છું. આજથી જીવન પર્યંત હું માનસિક, વાચિક તથા કાયિક સાવદ્ય યોગમય આચરણ કરીશ નહિ, કરાવીશ નહિ, અગર કરનારને અનુમોદન આપીશ નહીં.'

## મહાવીરની સાધના અને તપોમય જીવન

દીક્ષા લીધા પછીનાં સાડા બાર વર્ષો ભગવાન મહાવીરે એક મહાન તપસ્વી તરીકે ગાળ્યાં છે. આ વર્ષો દરમિયાન, માત્ર ૩૪૯ દીવસો તેમણે આહાર વાપર્યો છે અને બાકીના તમામ દિવસોએ તેમણે નિર્જળા ઉપવાસો કર્યાં છે. મહાવીરનાં

---

* શ્રીમદ્ આચાર્ય હરિભદ્રસૂરિજીએ (હરિભદ્રાષ્ટક– ૨૫/૬) સ્પષ્ટ રીતે કહ્યું છે કે, :–

**सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषासतां मता। गुरूद्वेगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते॥**

અર્થાત્ સ્ત્રી કે પુરુષ, જે વ્યક્તિ તમામ પ્રકારનાં પાપોથી નિવૃત્ત થવા ઇચ્છે છે, તે પ્રારંભમાં જ જો પોતાનાં વડીલ એવા માતા પિતાને ઉદ્વેગ કરનારાં થાય, તો તે વ્યક્તિમાં પાપ નિવૃત્તિની વૃત્તિ માનવી એ ન્યાયી રીતે ઘટતું નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપોમય જીવન અંગે, આચારાંગ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે, "ભગવાન મહાવીરે ઉદ્યમવંત થઇ, સંસારના દુઃખ સમજી, પ્રવજ્યા લીધી તેજ દિવસે, હેમંત ઋતુની કડકડતી ઠંડીમાં તેઓ ચાલી નીકળ્યાં. ઠંડીમાં વસ્ત્ર વડે શરીર ન ઢાંકવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો. જીવન પર્યંત કઠણમાં કઠણ મુશ્કેલીઓ પર વિજય મેળવનાર ભગવાન માટે તે ઉચિતજ હતું. અરણ્યમાં વિહરતા ભગવાનને, નાના મોટા અનેક જંતુઓએ ચાર મહિના સુધી ત્રાસ આપ્યો અને એમના લોહી તથા માંસ ચુસ્યાં. ટાઢના કારણે કોઇ દિવસ તેમણે હાથની મુઠી કે અદબ વાળી નથી. વસ્ત્ર વિનાના હોવાથી ટાઢ, તાપનાં તીવ્ર સ્પર્શો ઉપરાંત તૃણનાં કઠોર સ્પર્શો તથા ડાંસ મચ્છરના કારમા ડંખો ભગવાને સહ્યા હતા."

ભગવાને પોતાને માટે તૈયાર કરેલું ભોજન કદી લીધું નહોતું, કારણકે તેમ કરવામાં તેઓ કર્મનો બંધ સમજતાં. પાપ કર્મ માત્રનો ત્યાગ કરતાં, ભગવાન નિર્દોષ ખાનપાન મેળવીને તેનો ઉપયોગ કરતા. રસોમાં તેઓ કદી લલચાતા નહિ અને ચોખા, સાથવો અને ખીચડી લૂખા ખાઇનેજ નિર્વાહ કરતા. ભગવાન રોગથી અસ્પૃષ્ટ છતાં, પેટ ઊણું રાખીને આહાર લેતા અને કદી ઔષધ ન લેતા. શરીરનું સ્વરૂપ સમજીને ભગવાન તેની શુદ્ધિ અર્થે જુલાબ, વમન, વિલેપન, સ્નાન, દંત પ્રક્ષાલન ન કરતા.

## મહાવીર–તત્ત્વજ્ઞ અને ક્રાંતિકાર

મહાવીર મહાન ચિંતક, વિચારક, તત્ત્વજ્ઞ અને ક્રાંતિકાર હતા ભગવાન માટે તપ કોઈ નવી શોધ નહોતી. ભગવાનનાં સત્તાવીસ ભવો પૈકી, પચીસમા નંદન રાજાના ભવમાં, દીક્ષા લીધા બાદ શેષ જીવનમાં એક લાખ વર્ષ સુધી, માસખમણના પારણે માસખમણની તપશ્ચર્યા ચાલુ રાખી હતી. પરંતુ અંતિમ ભવમાં, સાડા બાર વર્ષનું જે ઉગ્ર તપ કર્યું, તેમાં વિશેષતા એ હતી કે તપને, દેહદમનને અને કાયા કલેશને આચરતા રહી, તેમાં આંતરશુદ્ધિ–જીવનશુદ્ધિની દૃષ્ટિ ઉમેરી હતી. સુપ્રસિદ્ધ દિગંબર તાર્કિક સમંતભદ્રે આ વાતનો નિર્દેશ કરી લખ્યું છે કે, ભગવાનનાં કઠોર તપની પાછળ જીવન વિષે ઊંડા ઉતરી શકાય અને જીવનનો અંતર્મેલ ફેંકી દઇ શકાય, એ ધ્યેય હતું. એક લાખ વર્ષ સુધીના માસખમણ કરતાં, આવું સમજણ પૂર્વકનું અને ઉચ્ચ ધ્યેયવાળું તપ વધુ સફળ પૂરવાર થયું. આ દૃષ્ટિએ જ જૈન શાસ્ત્રોએ કહ્યું છે કે, બાહ્ય તપ જો આભ્યંતર તપની પુષ્ટિ અર્થે થતું હોય, તો જ તેના સાચા મૂલ્ય છે. ભગવાન મહાવીરે આ દૃષ્ટિએ જ, તામલી તાપસ અને પૂરણ જેવા તાપસોને, તેઓનાં અતિ ઉગ્ર અને દીર્ઘકાળ પર્યંતના તપને પણ મિથ્યા તપ કહેલ છે.

ભગવાન મહાવીરે આપણને તત્ત્વવિદ્યા આપી છે, જેમાં બધાં તત્ત્વો પાંચ દ્રવ્યોમાં –ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિ કાયમાં ગોઠવ્યાં છે. જીવ વિદ્યામાં સમસ્ત જીવોને દૃશ્ય, અદૃશ્ય, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરિન્દ્રિય તેમજ દેવ, નારકી, મનુષ્ય ઇત્યાદિ જીવોનું જ્ઞાન આપ્યું છે. વિશ્વવિદ્યાના શાસ્ત્રમાં નરકના પ્રકારો, દેવલોકના પ્રકારો, નક્ષત્રો, ગ્રહો, સૂર્ય, ચંદ્ર વગેરેનું જ્ઞાન આપ્યું છે.

એક મહાન ક્રાંતિકાર તરીકે, અહિંસા–સત્ય–અસ્તેય અને અપરિગ્રહનાં ચાર મુખ્ય વ્રતો ઉપરાંત 'બ્રહ્મચર્ય' (ભગવાન મહાવીરના સમય સુધી અપરિગ્રહ વ્રતમાં બ્રહ્મચર્યનો સમાવેશ થતો)નું સ્વતંત્ર પાંચમું વ્રત ઉમેરી, એ સમયમાં બ્રહ્મચર્યને અંગે સમાજમાં ઘુસી ગયેલી શિથિલતાને દૂર કરી. ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અજ્ઞાનવાદ એવા અનેકવાદો હતા. ભગવાને 'અનેકાન્તવાદ'નો સિદ્ધાંત સમજાવ્યો અને આ બધા વાદોનું સમન્વય કર્યું અનેકાન્તવાદ એટલે નય અને પ્રમાણોનો મેળ. વિષય ગમે તે હોય, પણ તેને જોવાની, વિચારવાની, સમજવાની પદ્ધતિ તો એકજ છે, તે પદ્ધતિ અને-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાન્તવાદની. અનેકાન્તવાદ એટલે જૈનતત્ત્વનો આત્મા કઈ વસ્તુ કેવી અપેક્ષાએ સ્વીકારવી, કેવા રૂપે માનવી અને દેશ કાળને લક્ષમાં લઇ કયા અંશે કેટલે દરજ્જે ફેરફાર કરવો– તે બધું વિચારવાનું અને નિર્ણય કરવાનું શાસ્ત્ર– એ જ અનેકાન્તવાદ. એ યુગમાં લોકોમાં એક એવી માન્યતા હતી કે, નારી જાતિને શાસ્ત્રજ્ઞાન અને ધર્માચરણનો અધિકાર જ નથી. તીર્થંકર મહાવીરે, નારી જાતિ અંગે પ્રવર્તી રહેલી આવી શોચનીય પરિસ્થિતિ માટે પડકાર કર્યો અને ઘોષણા કરી કે, પુરુષ અને સ્રીનાં આત્મા વચ્ચે કોઇ ભેદ નથી. મુક્તિ દેહની નથી થતી આત્માની થાય છે. ભગવાને જોયું કે પુરુષની અપેક્ષાએ સ્રી વિશેષ તેજસ્વી અને નિષ્ઠાવાન પૂરવાર થાય છે. નારીની યોગ્યતા પુરુષ કરતાં જરાએ ઉતરતી નથી, એ વાત એ યુગમાં થઇ ગયેલી તેજસ્વી નારીઓ– ચંદનબાળા, મૃગાવતી, ચેલણા, જયંતી, સુલસા વગેરેનાં જીવન પરથી સ્પષ્ટ થઇ જાય છે. ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘની સ્થાપના કરતી વખતે, શ્રમણી સંઘનું નેતૃત્વ પદ ચંદનબાળા સાધ્વીજીને સોંપ્યું– એ હકીકત નારી જાતિમાં રહેલી વ્યવસ્થા શક્તિનું સૂચક છે. આવું ક્રાંતિકારક પગલું ભરી, ભગવાન મહાવીરે નારીની વિષમ પરિસ્થિતિને દૂર કરી દીધી. યજ્ઞમાં થતી હિંસા અને યુદ્ધો અંગે ભગવાને વિરોધ કર્યો. 'અહિંસા પરમો ધર્મ'નું સૂત્ર પ્રજાને આપ્યું. વેદના પ્રખર પંડિતો શ્રી ગૌતમ ઇન્દ્રભૂતિ વગેરે સાચી હકીકત સમજતાં ભગવાનનાં શિષ્યો બની ગયા.

## ભગવાન મહાવીરનો ઉપદેશ

ભગવાન મહાવીરનો ઉપદેશ, જૈન ધર્મના આગમ સૂત્રો જેવા કે આચારાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિકસૂત્ર, ભગવતીસૂત્ર ઇ. માં જાળવી રાખવામાં આવેલ છે. આ ઉપદેશનો મુખ્ય સાર નીચે મુજબ છે:–

(૧) 'જીવો અને જીવવા દો.' કારણકે જીવ માત્રને આયુષ્ય પ્રિય છે. સર્વ જીવો સુખના અભિલાષી છે. દુઃખ સૌ કોઇને પ્રતિકૂળ છે. મરણ સૌને અપ્રિય છે સર્વ જીવોને જીવવું પ્રિય છે, માટે કોઇ જીવને હણવો નહિં કે દુઃખ દેવું નહિં.

(૨) આત્મ વિકાસમાં જાતિ કે કુળની મહત્ત્વતા નથી, ગુણોની જ મહત્ત્વતા છે. ચંડાળ કુળમાં જન્મેલ પણ આત્મકલ્યાણ સાધવાનો અધિકારી છે.

(૩) ભોગોમાં તૃપ્તિ નથી, જડમાં કયાંય સુખ નથી. અહિંસા, સંયમ અને તપના માર્ગે જ સાચું અને શાશ્વતુ સુખ પ્રાપ્ત થઇ શકે છે.

(૪) णो लोगस्सेसणं चरं અર્થાત્ લોકવાદને અનુસરસો નહિ. દુનિયાની દેખાદેખી કરશો નહિ.

(૫) અહિંસા એજ પરમ ધર્મ છે.

(૬) આત્માજ આત્માનો મિત્ર છે અને સ્વબળવડે જ આત્મા, પરમાત્મા બની શકે છે.

(૭) આત્મ બલિદાન એજ સાચો યજ્ઞ છે. બહારનો યજ્ઞ એ દ્રવ્ય યજ્ઞ છે. અંતરનો યજ્ઞ એજ સાચો યજ્ઞ છે.

(૮) ધર્મ એ સામાજિક રૂઢિ નહિ, પણ વાસ્તવિક સત્ય છે. સાંપ્રદાયિક બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મોક્ષ પ્રાપ્ત ન થઈ શકે, પણ સત્ય ધર્મનાં સ્વરૂપમાં આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે ધર્મમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી.

(૯) 'ક્રિયા કરવાની શરૂઆત થઇ, એટલે કર્મ બંધનની દૃષ્ટિએ કરાઈ ચૂકી' એ સિદ્ધાંત સામે વિરોધ દાખવી, ભગવાનના જમાઇ જમાલિ અને પુત્રી પ્રિયદર્શના, ભગવાન મહાવીરના શ્રમણ સંઘમાંથી છૂટા પડ્યાં, પણ ભગવાને તે અંગે ચર્ચા, દલીલ ન કરતાં માત્ર મૌનજ સેવ્યું. પોતાના વિચારોનો આગ્રહ રાખી, તે અન્ય પર ઠોકી બેસાડવા એ એક પ્રકારની હિંસા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ભગવાન મહાવીરની પચીસોમી નિર્વાણ જયંતિ**

વિશ્વની આવી અદ્વિતીય એવી મહાન વિભૂતિની, પચીસોમી નિર્વાણ જયંતી તા ૧૩મી નવેમ્બર ૧૯૭૪ના દિવસે આવે છે. માત્ર ભારતની સમગ્ર પ્રજા માટે જ નહીં, પરંતુ વિશ્વના તમામ લોકો માટે, ભગવાન મહાવીરનો ઉપદેશ અજોડ અને અમૂલ્ય છે. આજના કપરા કાળ વખતે, તેમના ઉપદેશનો પ્રચાર અને અમલ વિશ્વની પ્રજા માટે આશીર્વાદરૂપ છે. આજે સર્વત્ર અશાંતિ, અજંપો અને અનિશ્ચિતતાનું વાતાવરણ છવાઇ રહ્યું છે, તેનું નિવારણ ભગવાન મહાવીરે નિર્દેશેલા માર્ગે જવામાં રહેલું છે. ભગવાન મહાવીરે પોતાના આચરણ સાથે અહિંસાનો ઉપદેશ આપી, સમગ્ર માનવ જાત પર મહાન અનુગ્રહ કર્યો છે. આવી વિભૂતિની પચીસોમી નિર્વાણ જયંતી ઉત્સવ ભારત સરકાર રાષ્ટ્રીય સ્તરે ઉજવે, તે બધી રીતે યથાર્થ અને સુસંગત છે. આ પવિત્ર પ્રસંગે, આપણે સૌ ભગવાને આપેલા ઉપદેશનું ફરી ફરી સ્મરણ કરીએ, અને એ માર્ગે જવા પ્રબળ પુરુષાર્થ કરીએ એજ અભ્યર્થના !

## વિશ્વનો એક અમુલ્ય ચિત્રગ્રંથ

તીર્થંકર ભગવાન શ્રી મહાવીર-૩૫ ચિત્રોનો સંપૂટ. સંપાદક અને સંયોજક : સાહિત્ય કલારત્ન મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ. ચિત્રકાર શ્રી. ગોકુળદાસ કાપડિયા પ્રકાશક : જૈન ચિત્રકલા નિદર્શન, C/o. જે. ચિત્તરંજન એન્ડ કંપની, ૩૧૨ એકર ભવન, ન્યુ મરિન લાઇન્સ, મુંબઇ નં. ૨૦. પ્રથમ આવૃત્તિ મૂલ્ય રૂ ૬૧/-

પૂ. યશોવિજયજી મહારાજ સાહેબે બાલ્યવયે જ ભગવાન મહાવીરનાં જીવનને સ્પર્શતાં પ્રસંગોને ચિત્રો દ્વારા સાકાર સ્વરૂપ આપવાનું સ્વપ્ન સેવેલું અને એ સ્વપ્ન આ ચિત્ર સંપૂટ દ્વારા સાકાર થયેલું સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. ભગવાન મહાવીરની પચીસોમી નિર્વાણ શતાબ્દીના અપૂર્વ પ્રસંગે, જે ચિત્રો પ્રગટ થયેલ છે, તેવા ચિત્રો પચીસો વર્ષ દરમિયાન ક્યારે ય પણ પ્રકાશિત થયા હોવાનું જાણવામાં આવેલ નથી. પ્રસ્તુત ચિત્રગ્રંથ મુનિરાજશ્રીની અનેક વર્ષોની સાહિત્યોપાસનાની અપૂર્વ સિદ્ધિરૂપ પૂરવાર થયેલ છે જૈન તેમજ જૈનેતર સૌ કોઇ માટે, આ અમૂલ્ય ગ્રંથ, ભગવાન મહાવીરનું જીવન સમજવા માટે અનેક આગમોની ગરજ સારે એવો છે. એક એક ચિત્ર જોતાં, ભગવાનનાં જીવન વિષે અવનવા ભાવો આપણા મનમાં ઉત્પન્ન થાય છે અને ચિત્તમાં આનંદનો ધોધ ઉછળે છે ગુજરાતના કલાગુરુ અને ભારતના સુવિખ્યાત ચિત્રકાર શ્રી. રવિશંકર રાવળે, આ ગ્રંથની પ્રશંસા કરતાં સાચું જ કહ્યું છે કે, "વિશ્વવિભૂતિ શ્રી મહાવીર સ્વામીના જીવનનો સચિત્ર ગ્રંથ પ્રજા સમક્ષ મૂકવા માટે મારા અભિનંદન. વિશ્વના શ્રેષ્ઠ પ્રકાશનોની બરોબરી કરી શકે તેવો આ ચિત્ર સંપુટ છે. આ ગ્રંથ જગતના એક મહાપુરુષની પ્રકાશવંતી દિવ્ય જ્યોત બની રહે છે."

ગ્રન્થારંભે ભગવાન મહાવીરના બોધ વચનો સમજાવવામાં આવેલા છે. તે પછી કાગળ પર કોતર કામ કરીને નકસીદાર બનાવેલી કલા કૃતિમાં નવકાર મંત્ર મૂકવામાં આવેલ છે. ભગવાન મહાવીરના જીવનને સ્પર્શતાં આ ચિત્રોની સાથે એક બાજુ અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ભાષામાં ટૂંકી સમજુતિ આપવામાં આવેલ છે. બધા ચિત્રો ઉપરાંત ભગવાનના પૂર્વ ભવોને સંક્ષેપમાં દર્શાવતું એક ભવ્ય ચિત્ર પણ રજૂ કરવામાં આવેલ છે.

ગ્રન્થને અંતે ભગવાનના વિહાર અને ચોમાસા અંગેનો, એક પરિચય કોષ પણ સામેલ કરવામાં આવેલ છે. આમ આ ગ્રન્થ સર્વાંગ સુંદર અને અજોડ બન્યો છે. આ ગ્રન્થ માટે લોકોની એટલી બધી માંગ આવી કે, તેની પ્રથમ આવૃત્તિની તમામ નકલો ટૂંક સમયમાં જ ખલાસ થઈ ગઈ. બીજી આવૃત્તિ છપાઇ રહી છે. આવા અદ્વિતીય અને મૂલ્યવાન ગ્રંથ માટે પૂજ્ય મુનિશ્રી યશોવિજયજી મહારાજ સાહેબને જેટલા ધન્યવાદ અને અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઈફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ
વિગેરે..................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ
વિગેરે..................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઈવેટ લીમીટેડ.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૮૩૬૧/૬૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઈ.

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસલેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वन्द्य स्तुतिपाठः

रचयिता-पं० **हेमचन्द्रविजयो गणिः।**

अर्हं हृदयाम्भोजे, स्मरामि नित्यं स्फुरत्प्रभावाढ्यम्।
लोके परमं मन्त्रं, निगमागम सारभूतन्तत्॥

अर्हं यस्य हृदब्जे, प्रकाशते सूर्यवत्सदा मंत्रम्।
सर्वातिशायि सौख्यं, स्वयमेवोपैति तं त्वरितम्॥

विदिताखिलार्थनिकरः, सुखरमहितः श्रुतामृताम्बुधरः।
व्यपगत कर्म कलाङ्को, विराजते सम्भवेशानः॥

हंसायते पदाब्जे, यस्या मरराज मौलि मुकुटालिः।
सिंहायतां सदा मे, मनोगुहायां जिनो विंशः॥

जानन्नपि यो वीरं, प्रश्नान् पप्रच्छ भव्यबोधार्थम्।
भवतात्स इन्द्रभूति भूंत्यै जगदेकरित निरतः॥

सर्वसमीहितकार्यं, सिद्धयति यन्नाम मन्त्रजापेन।
श्री वीरादिम गणभृत्, तनोतु भद्रं स योगिवरः॥

यदधि श्रयणाद्धंसः, पयोविभागे विवेक वाञ्जातः।
वाग्वादिनी ममाऽसौ, मनोमरालं ऽध्यधि श्रयतु॥

सत्सन्नि धान विषयां, श्रुत्वा कीर्तिं तवेह सम्प्राप्तः।
तां सत्यापय मात श्चेतसि मम सन्निधायाऽऽशु"

यद् गुणगणसंस्मरणाद् विरमति नाद्यापि धीमतां निकरः।
नैका नर्ध्य गुणाढ्यो जयत्यसौ नेमिसूरीशः॥

श्रीपाद लिप्तनगरे, कारितवान् यो निजोपदेशेन।
श्री केसरिया चैत्यं जयतादमृत स सूरिवरः॥

( सं. २०२८नी डायरीमां करेल मंगलाचरणना श्लोको )

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેદીપ્યમાન પ્રભાવથી સમૃદ્ધ, લોકમાં શ્રેષ્ઠ મંત્રરૂપ આગમ અને નિગમના સારરૂપ શ્રી 'અર્હં'ને હંમેશા હૃદયકમળમાં હું સ્મરૂં છું ૧

'અર્હં' એ મંત્ર સૂર્યની જેમ જેના હૃદયકમળમાં પ્રકાશિત થાય છે, તેને સર્વશ્રેષ્ઠ સુખ જલ્દીથી પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે. ૨

કેવળજ્ઞાનવડે સઘળા પદાર્થ સમુદાયને જાણનાર, ઇન્દ્રોથી પૂજાયેલ, શ્રુતરૂપી અમૃતને વરસાવવામાં મેઘ સમાન, કર્મરૂપી કલંકથી રહિત શ્રી સંભવનાથ ભગવાન વિશેષ પ્રકારે શોભે છે. ૩

જેમના ચરણકમળમાં ઇન્દ્ર મહારાજના મસ્તક ઉપર રહેલા મુગટની પંક્તિ હંસની જેમ શોભે છે તે વીસમા શ્રી મુનિસુવ્રત-સ્વામી ભગવાન મારી મનરૂપી ગુફામાં સિંહની જેમ વિરાજમાન થાવ. ૪

જાણવા છતાં પણ ભવ્યજીવોના બોધને માટે જેમણે શ્રી વીર પરમાત્માને પ્રશ્નો પૂછયા તે જગતનું એકાન્ત હિત કરવામાં તત્પર શ્રી ગૌતમગણધર ભગવાન આત્મિક ઐશ્વર્યને માટે થાવ. ૫

જેમના નામરૂપી મંત્રના જાપથી સર્વ ઇચ્છિત કાર્યો સિદ્ધ થાય છે તે વીર પરમાત્માના પ્રથમ ગણધર શ્રી યોગિવર ઇન્દ્રભૂતિ ભગવાન કલ્યાણનો વિસ્તાર કરો. ૬

જેમના અધિશ્રમણથી પક્ષી એવો હંસ પણ નીર અને ક્ષીરના વિભાગમાં વિવેકવાળો થયો તે વાગ્વાદિની શ્રી સરસ્વતીદેવી મારા મનરૂપી રાજહંસનો આશ્રય કરો એટલે મનરૂપી હંસ ઉપર વાસ કરો. ૭

તમે 'સત્'નું સન્નિધાન કરો છો એવી તમારી કીર્તિને સાંભળીને હું અહીં તમારી પાસે આવ્યો છું તો મારા ચિત્તમાં જલ્દીથી સન્નિધાન કરીને હે સરસ્વતીમાતા! તમારી તે કીર્તિને સત્ય કરો. ૮

પંડિત પુરુષોનો સમુદાય જેમના ગુણ સમુદાયને યાદ કરતાં આજ પણ અટકતો નથી તે અનેક અમૂલ્ય ગુણોથી સમૃદ્ધ શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ જય પામે છે. ૯

જેમણે શ્રી પાલિતાણા–શત્રુંજય મહાતીર્થમાં પોતાના ઉપદેશથી 'શ્રી કેસરિયાવીર પરંપરા પ્રાસાદ' બનાવરાવ્યો તે શાસ્ત્રવિશારદ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરિજી જયવંતા વર્તો. ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી. ડૉ. રમણલાલ શાહ અને તેમના પત્ની શ્રી. તારાબહેનનું સન્માન

આફ્રિકાના જૈન સંઘના આમંત્રણથી, અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ–મુંબઈના પ્રમુખ ડૉ. શ્રી. રમણલાલ સી શાહ અને તેમના સુશીલ પત્ની શ્રી તારાબ્હેન એમ. એ. ભગવાન મહાવીરની પચીસોમી નિર્વાણ જયંતી ઉજવવા અર્થે જતા હોય, તેઓનું સન્માન કરવા સંસ્થા તરફથી તા. ૧૯–૧૦–૭૪ના દિવસે એક સમારંભ યોજવામાં આવ્યો હતો.

શરૂઆતમાં શ્રી. મનસુખલાલ મહેતાએ ડૉ. રમણલાલ શાહની સાહિત્ય ક્ષેત્રેની વિધ વિધ સેવા અંગે બોલતાં જણાવ્યું હતું કે ડૉ. શાહે સમય સુંદર કૃત 'નવનલદંતી' રાસ તેમજ મહોપાધ્યાય શ્રી. યશોવિજયજી કૃત 'જંબૂસ્વામીનો રાસ'નું સંપાદન કાર્ય કર્યું છે, તેમજ 'કુવલયમાળા' જેવા મહાન ગ્રંથનું પણ સહસંપાદનનું કાર્ય તેમણે કર્યું છે. જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ તેમણે સફળતાપૂર્વક સંભાળી, અત્યંત લોકપ્રિય બન્યા છે આ દંપતીની ખાસ વિશિષ્ટતા તો એ છે કે, સાદાઈ–સરળતા અને નમ્રતામાં તેઓ બંને એક બીજાં કરતાં ચડિયાતા છે, સોનામાં સુગંધ પ્રાપ્ત થવી કઠિન હોવા છતાં, આ દંપતીમાં સોના અને સુગંધનો સરસ સુમેળ જોવા મળે છે.

તે પછી શ્રી. નટવરલાલ શાહે અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળની સંસ્થામાં શ્રી રમણલાલભાઈએ આપેલી સેવાની ભારે પ્રશંસા કરી હતી અને સાહિત્ય ક્ષેત્રે તેમણે આપેલ સેવાને બીરદાવી હતી. શ્રી. ગૌતમલાલ શાહે કહ્યું હતું કે, ડૉ. રમણલાલભાઈ અને તેમના સુશીલ પત્ની શ્રી. તારાબહેન, આફ્રિકામાં જૈન ધર્મ અંગે વ્યાખ્યાનો આપવા જઈ રહ્યાં છે, એ વાતથી આપણું મંડળ ગૌરવ અને આનંદ અનુભવે છે તેઓ તેમનું કાર્ય ત્યાં યશસ્વી રીતે સંપૂર્ણ કરે અને પુનઃ આપણી વચ્ચે પાછા ફરી, તેઓનાં આફ્રિકાના અનુભવો અને સ્મરણો આપણને કહી સંભળાવે એવી શુભેચ્છા સાથે તેમની મુસાફરી સફળ ઇચ્છું છું.

ડૉ. રમણલાલભાઈએ સન્માનનો પ્રત્યુત્તર આપતાં કહ્યું હતું કે આપ સૌ ભાઈઓનાં આશીર્વાદ એ જ અમારા માટે મોટામાં મોટી મૂડી છે. અનેક ભાઈ બહેનોની અમને શુભેચ્છા સાંપડી છે. અમે જ્ઞાનનો પ્રચાર કરવા અને સાથોસાથ જ્ઞાન પ્રાપ્ત કરવા આફ્રિકા જઈ રહ્યા છીએ. ત્રણથી ચાર અઠવાડિયાનો પ્રવાસ પૂરો કરી, આપણે જ્યારે ફરી ભેગા મળશું ત્યારે આફ્રિકાના અનુભવોની વાતો કરશું શ્રી. તારાબ્હેન શાહે કહ્યું કે હું તો તમારા સૌની પુત્રી જેવી છું. હું આપ સૌનાં સન્માનની નહિં પણ આશીર્વાદની ભૂખી છું. તમારા મંડળની કાર્યવાહી અને વ્યવસ્થા જોઈ હું પ્રસન્નતા અનુભવું છું ફૂલહાર અને અલ્પાહારની વિધિ થયા પછી, મંડળના ભીષ્મપિતામહ સમાન વયોવૃદ્ધ કાર્યકર શ્રી. ચંદુલાલ ભાંખરીઆએ, ડૉક્ટર સાહેબ અને તારાબહેનને આશીર્વાદ આપતાં ભારપૂર્વક કહ્યું હતું કે, આપ બંને ત્યાં જઈ જૈનધર્મનો જય જયકાર બોલાવો અને ફત્તેહ કરી પાછા ફરો એવી મારી શુભેચ્છા છે. આ રીતે અત્યંત આનંદ પૂર્વક આ સમારંભ પૂરો થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

रु. न. पै.

१ वसुदेव हिण्डी-द्वितीय अंश १०-००

२ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो २०-००

३ त्रिषष्टिशलाकापुरुषचरित-
महाकाव्यम् भा. २,
पर्व २. ३. ४ (मूळ संस्कृत)
पुस्तकाकारे १५-००

४. " " प्रताकारे १५-००

५ द्वादशारं नयचक्रम् ४०-००

६ सम्मतितर्कमहार्णवावतारिका १५-००

७ तत्त्वार्थाधिगमसूत्रम १५-००

८ प्रबंधपंचशती १५-००

९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे ६-००

१० श्री शान्तिनाथ महाकाव्यम्
आ. श्री भद्रसूरीविरचितम्. १०-००

*

### अंग्रेजी ग्रंथो

R. N.p.

1 Anekantvada
by H. Bhattacharya 3-00

2 Shri Mahavir Jain Vidyalaya
Suvarna Mahotsava Granth 35-00

*

### ગુજરાતી ગ્રંથો

રૂ. ન. પૈ.

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ૨૨-૦૦

૨ શ્રી તીર્થંકર ચરિત્ર ૧૨-૦૦

૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ ૫-૦૦

૪ કાવ્ય સુધાકર ૨-૫૦

૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ ૩-૦૦

૬ કથારત્ન કોષ ભા. ૧ ૧૬-૦૦

૭ કથારત્ન કોષ ભા. ૨ ૧૨-૦૦

૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ ૫-૦૦

૯ આત્મ કાન્તિ પ્રકાશ ૧-૫૦

૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) ૧૮-૦૦
સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત

૧૧ ધર્મ કૌશલ્ય ૩-૦૦

૧૨ અનેકાન્તવાદ ૭-૦૦

૧૩ નમસ્કાર મહામંત્ર ૩-૦૦

૧૪ ચાર સાધન ૩-૦૦

૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો ૩-૦૦

૧૬ જાણ્યું અને જોયું ૩-૦૦

૧૭ સ્યાદ્વાદમંજરી ૧૭-૦૦

૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ ૩-૦૦

૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી
શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ ૬-૨૫
કાચુ બાઈન્ડીંગ ૫-૨૫

નોટ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only